આજે અમરેલી જિલ્લાના પીપાવાવ પોર્ટમાંથી દેશ વિદેશમાં વાહનો સહિત અનેક રો મટીરીયલની નિકાસ થાય છે પણ એક જમાનામાં અમરેલી જિલ્લાના ઉત્પાદનની દુનિયાના અનેક દેશોમાં નિકાસ થતી હતી

વડિયામાંથી સીંગદાણા છેક રશીયા, અમેરિકા અને ચીન જતા હતા

અમરેલી જિલ્લાના અત્યારે સાવ ધંધા ઉદ્યોગ વગરના શહેર વડિયાનો પણ એક જમાનો હતો

તડકા પીપળીયા ગામના વતની અને વડિયામાં સ્થીર થયેલા હાલ રાજકોટ રહેતા જૈન વેપારીનો હતો ધંધો

વડિયામાં ખારી સિંગ બનાવવા માટે સિંગમાંથી સિંગદાણા કાઢવાના કુલ ૧૫ જેટલા કારખાનાઓ ધમધમતા હતા

ભારતભર ઉપરાંત વિદેશમાં વડિયાના સિંગદાણા વખણાતા હતા ૩૫ વર્ષ સુધી સિંગદાણાના વેપારમાં વડિયાની મોનોપોલી હતી

જેમ અમરેલીના વાંકિયાના દાંઉ એવા નામના પાટીયા આજે અનાજ માર્કેટમાં લાગે છે તેમ એ જમાનામાં વડિયાના નામે સિંગદાણાના ઉંચા ભાવો લેવાતા હતા : તડકા પીપરીયાના ઉતમચંદભાઇ જશરાજભાઇ દોશી નામના જૈન વેપારીએ વડિયામાં દિગંબર જૈન મંદિરની ૧૯૫૪ ની સાલમાં સ્થાપના કરી હતી પણ પરિવાર સ્થળાંતર કરી જતા વડીયાની એક પાંચ પ્રતિમા ઉજ્જૈન મોકલાય

અમરેલી,

અમરેલી જિલ્લામાં અત્યારે એકમાત્ર રાજુલા-જાફરાબાદથી મચ્છી અને રો મટીરીયલ્સ વિદેશમાં સપ્લાય થાય છે પણ એક જમાનામાં અમરેલી જિલ્લાનાં વડીયાના શીંગદાણા વિશ્વભરમાં વખણાતા હતાં અને વડીયાથી તેની યુરોપના દેશો, રશીયા, અમેરિકા, ચીન સુધી નિકાસ કરવામાં આવતી હતી પણ આજે આ વડીયામાં વેપાર-ધંધાના નામે કોઈ નોંધપાત્ર સંસ્થાન નથી.

વડીયામાં આઝાદી પછી શીંગદાણાનું મોટું માર્કેટ ખુલ્યું હતું. અત્યારે જેમ વાકીયાના ટુકડા ઘઉં વખણાય અને તેના બોર્ડ સુરત અને મુંબઈમાં પણ લાગ્યા હોય અને વાકીયાના નામે ટુકડા ઘઉં ચપોચપ ઉપડી જાય તેમ વડીયાની શીંગના નામે શીંગદાણા બજારમાં ટપોટપ ઉપડી જતા હતાં. સતત ૩૫ વર્ષ સુધી વડીયાની શીંગદાણાની બજારમાં મોનોપોલી હતી.વડીયાના શીંગદાણા બજારમાં ઉંચા ભાવે વહેંચાતા હતાં અને વડીયામાં શીંગદાણાના ૧૫ જેટલા કારનાખા ધમધમતા હતાં. વડીયા નજીકનાં તડકા પીપરીયાના મૂળ વતની એવા વેપારી શ્રી ઉતમચંદભાઈ જસરાજભાઈ દોશી દ્વારા વડીયામાં દિગંબર જૈન મંદિરની સ્થાપના કરાઇ હતી. વિક્રમસંવંત ૨૦૧૦ માં આજથી ૬૪ વર્ષ પહેલાં સોનગઢના સંત પૂ.શ્રી કાનજીસ્વામિના હસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરાઈ હતી અને તેમાં મુળ નાયક શ્રી નેમિનાથ ભગવાન, ઋષભદેવભગવાન, શાંતિનાથ ભગવાન પ્રતિષ્ઠા થઈ હતી. પરંતુ કાળક્રમે આ પરિવારના સંતાનો રાજકોટ સ્થીત થતા વડીયામાંથી જૈન પરિવારનું સ્થળાંતર થયું અને આ પાંચેય પ્રતિમા ઉજ્જૈન ખાતે સ્થાપીત કરવામાં આવી હતી. વડીયા ખાતે મગફળીમાંથી શીંગદાણા કાઢવાનાં ૧૫ કારખાના શીંગનું સોર્ટીંગ કરવામાં આવતું હતું અને ઉંચી કવોલીટીની શીંગ-શીંગદાણા બનાવવાના ઉપયોગમાં લેવાતી હતી. વડીયાની ખારીશીંગ ભરૂચી ખારીશીંગની જેમ વખણાતી હતી.

ગુજરાત રાજ્ય વિશ્વહિન્દુ મહાસભાના પ્રદેશ મહામંત્રી તરીકે એન.ડી. ગોંડલીયાની વરણી

શ્રી ગોંડલીયા ઉપર અભિનંદન સાથે આવકાર

અમરેલી,અમદાવાદ મુકામે વિશ્વ હિન્દુ મહાસભા ગુજરાતનાં પ્રદેશ અધ્યક્ષ ઉમેશ દવેએ તા.૧૦ ના રોજ પ્રદેશ મહામંત્રી તરીકે એન.ડી.ગોંડલીયાની નિમણૂંક કરી છે. હવે શ્રી ગોંડલીયા ગુજરાત વિશ્વ હિન્દુ મહાસભાના મહામંત્રી પદે સેવા આપશે. શ્રી ગોંડલીયા ગુજરાત એજયુકેશન વર્ગ-૧ ની કેડરના જિલ્લા શિક્ષણઅધિકારીનો અનુભવ ધરાવે છે તેઓએ મહાસભાનો કાર્યભાર સંભાળીલ છે. વિશ્વ હિન્દુ મહાસભાનાં હોદેદારોએ અભિવાદન કરતા સન્માનીત કરેલ છે. રાજયનાં રામમંદિર, ગૌસેવા, હિન્દુહકો અંગેના પ્રચાર પ્રસાર વધીવટી કાર્ય સંભાળશે તેમ એક યાદીમાં વિશ્વ હિન્દુ મહાસભાના પ્રદેશ પ્રમુખ ઉમેશ દવેએ જણાવાયું છે.

સાવરકુંડલાના શેલણા સરકારી માધ્યમિક શાળામાં ધો. ૧૦ નો વિદાય સમારંભ યોજાયો

એસએમડીસીની મિટીગનું આયોજન કરવામાં આવ્યું

શેલણા,

સાવરકુંડલા તાલુકાના શેલણા સરકારી માધ્યમિક શાળામાં આજે તા.૨૮-૨ બુધવારના રોજ ધો.૧૦ નો વિદાય સમારંભ યોજવામાં આવેલ અને સાથો સાથ એસએમડીસીની મીટીંગ પણ રાખવામાં આવી હતી જેમાં ગામના સરપંચ કાળુભાઈ લુણસર, જગુદાદા, પ્રાથમિક શાળાના શિક્ષક સુરેશભાઈ તથા ધો.૧૦ ના વાલીશ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.શાળાના આચાર્ય જયંતિભાઈ જોષી દ્વારા વકતવ્ય આપવામાં આવેલ. ગામના માંબી જગુદાદાએ ધો.૧૦ બોર્ડની પરિક્ષામાં બાળકો સારૂં પરિણામ મેળવે એવા આશિંવાદ પાઠવ્યા હતાં. શાળાના શિક્ષક વિમલભાઈએ કાર્યક્રમનું સફળ આયોજન કરેલ. વિનિતભાઈએ સ્ટેટ ચેકરીંગ કર્યુ આ સાથે કરાટેના સર્ટિફીકેટનું જે બાળકોએ ટ્રેનિંગ લીધેલ છે તેમને વાલીશ્રીઓના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ.

જસદણમાં મોતનો માંડવો કોઇના ભોગની રાહ જુએ છે ?

જસદણ,જસદણ સરકારી હોસ્પિટલ સામે પીજીવીસીએલે મોતનો માંડવો તૈયાર કરી કોઈનો ભોગ લેવાની તૈયારી કરી રાહ જોઈ રહયું હોય તેમ ચર્ચામાં છે છેલ્લા પંદર દિવસથી એક વિજપોલ એકસીડેન્ટથી વાંકો વળી ગયેલ છે અને વિજતાર પણ લબડી ગયા છે અને કોઈ ઉંચુ વાહન નીકળે તો તારને અડી જાય અને ગંભીર ઘટના બનવાની શકયતાઓ છે.

મોટા દેવળીયામાં નેશનલ સાયન્સ ડે ઉજવાયો

દેવળીયા, મોટાદેવળીયા વિવેકાનંદ વિદ્યાલયમાં નેશનલ સાયન્સ ડે નિમિતે ધો.૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ સાયન્સ મોડેલ બનાવી સાયન્સ એકઝીબીસરનું આયોજન કર્યુ હતું તે નિહાળવા બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતાં અને સાયન્સ મોડેલની માહિતી મેળવી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા સ્ટાફગણ અને વિદ્યાર્થીઓએ કર્યુ હતું.

અમરેલી-લીલીયા-ક્રાંકચ રોડ પર સીલકોટ કરવાની જરૂરીયાત

ભાજપ અગ્રણી શ્રી ત્રિવેદીએ સ્ટેટ માર્ગમકાન વિભાગ મંત્રી શ્રી તેમજ કાર્યપાલક ઇજનેરને રજૂઆત કરી

લીલીયા, અમરેલી લીલીયા ક્રાંકચ રોડમાં સીલકોટ તૂટી ગયેલ છે અને રોડમાં ઉંડા ખાળીયા પડી ગયેલ છે. ઠેકઠેકાણે ઉંડા ચરેરા પડી ગયેલ છે જેના કારણે ટુ વ્હીલ વાહનો કાબુ ગુમાવીને અકસ્માત સર્જે છે તેમજ વાહન ગોથા ખાઈ જાય છે જયારે મોટા વાહનોમાં પંચર પડે છે. ભાજપ અગ્રણી નિતિનભાઈ ત્રિવેદીએ બાંધકામ મંત્રી શ્રી ગુજરાત સરકાર તેમજ કાર્યપાલક ઈજનેર બાંધકામ (સ્ટેટ) અમરેલીને પત્ર પાઠવી માંગણી કરી છે કે ચોમાસા સુધીમાં સિલકોટ કરવામાં નહિં આવે તો આ ચરેરામાં પાણી ભરાશે અને આખો રોડ નષ્ટ થઈ જશે. અમરેલીથી પાલીતાણા, તળાજા, ગારીયાધાર જવાનો આ એક માર્ગ છે. ટ્રાફિક ખુબ જ રહે છે જો આ રોડ પર સિલકોટ કરવામાં આવે તો યાત્રિકોને મુશ્કેલી નહિં પડે તેમજ રોડ સારો બની જશે અને અકસ્માતનું નિવારણ થશે તેમ નિતિનભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવાયું છે.

અમરેલી શહેરમાં ૨૦ જગ્યાએ હોળી પ્રાગટય પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

દરેક જગ્યાએ એક પોલીસ, બે હોમગાર્ડ : ત્રણ ગાડીઓનું સતત પેટ્રોલિંગ રહેશે

અમરેલી,અમરેલીમાં જુદા-જુદા સ્થળોએ મળીને ૨૦ જગ્યાએ આજે હોળી પ્રાગટય કરવામાં આવશે. દરેક જગ્યાઓએ એક પોલીસ અને બે હોમગાર્ડનો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે કોઈ જગ્યાએ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતર્ક રહીને સતત પેટ્રોલિંગ રાત્રીથી સવાર સુધી શરૂ રહેશે.

શ્રધ્ધાંજલી

સત્કાર્યો આપની શોભા હતી,
સજ્જનતા આપની સુવાસ હતી,
પ્રસન્નતા આપનુ જીવન હતું,
પરોપકાર આપનું રટણ હતું,
પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. જમનાબેન
કેશુભાઇ ડોબરીયા
સ.તા.૨૮-૨-૧૮ ગામ. ચલાલા

લી. **કાનજીભાઇ જીણાભાઇ સાંગાણી**
જેરામભાઇ જીણાભાઇ સાંગાણી
મુ. જેઠીયાવદર

જાહેર નોટીસ

તા.૦૧/૦૩/૨૦૧૮

[illegible]

(આ જાહેર નોટીસ તથા ઉપરોક્ત સાઈબીલ તુમને **www.sejpals.in** ઉપર દિન ૬૦ સુધી જોઈ શકશો.)

Sejpal Associates ®
Advocates
Opposite Orchid Park, Second Lane Behind Shalby Hospital, Satellite, Ahmedabad – 380015. Gujarat. India
Phone: +91 (79) 2693 7883, +91 98250 16196, +91 94269 85566
Fax: +91 (79) 4030 7883 | e-mail: contact@sejpals.in | www.sejpals.in